રાજકોટની કુખ્યાત ઓડિયા ગેંગ સામે ગુજસીટોકનો ગુનો દાખલ, ૯ આરોપી ઝડપાયા

હત્યા સહીતના ૧૫ ગંભીર ગુના આચર્યા,૧૦ શખ્સોએ ૧૦ વર્ષમાં કુલ ૩૪ ગુનાને અંજામ આપ્યો

રાજકોટ:રાજકોટની કુખ્યાત ઓડિયા ગેંગ સામે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ક્રાઇમ બ્રાન્ચ દ્વારા અવેશ અયુબભાઇ ઓડિયા સહીત ૧૦ આરોપીઓ વિરુધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જેમાં હાલ પોલીસે ૯ આરોપીની અટકાયત કરી મુખ્ય આરોપી અવેશ ઓડિયા પાસા હેઠળ જેલમાં બંધ હોવાથી તેમનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી બાદ તપાસ હાથ ધરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે આ ગેંગ ઉપર છેલ્લા ૧૦ વર્ષમાં હત્યા, હત્યાની કોશિશ, સરકારી અધિકારી કર્મચારીની ફરજ રુકાવટ, આર્મ્સ એક્ટ મારામારી જેવા ગંભીર ૧૫ સહીત કુલ ૩૪ ગુના નોંધાઈ ચુક્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. બે મહિનામાં ચોથી ગેંગ સામે ક્રાઇમ બ્રાન્ચે કડક કાર્યવાહી કરી છે.રાજકોટ શહેર ક્રાઇમ ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ દૂધસાગર રોડ પર આતંક મચાવનાર કુખ્યાત ઓડિયા ગેંગ વિરુધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા હાલ ગુજસીટોક હેઠળ આરોપી અરબાઝ રાઉમાં, સબ્બીર ઉર્ફે બોદું ઓડિયા, ઈમ્તિયાઝ ઓડિયા, નયન દાફડા, આબીદ ઓડિયા, અનીશ ઓડિયા, અબ્દુલ દલ, શાહિદ ઓડિયા, અને મિત પરમારની ધરપકડ કરી છે.જયારે મુખ્ય આરોપી અવેશ ઓડિયા પાસા હેઠળ ભાવનગર જેલમાં બંધ હોય જેથી તેનો કબ્જો મેળવી ગુજસીટોક હેઠળ ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એટલું જ નહિ આ તપાસ દરમિયાન આરોપીઓએ ગુનાહિત પ્રવૃત્તિ કરી મેળવેલી ગેરકાયદે મિલ્કતો ટાંચમાં લેવા અને અનધિકૃત બાંધકામ તોડી પાડવા સહીત કાર્યવાહી પણ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવશે.

આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ:આરોપી અરબાઝ રાઉમાં વિરુધ્ધ ૪ ગુના, સબ્બીર ઉર્ફે બોદું ઓડિયા વિરુધ્ધ ૫ ગુના, ઈમ્તિયાઝ ઓડિયા વિરુધ્ધ ૪ ગુના, નયન દાફડા વિરુધ્ધ ૪ ગુના, આબીદ ઓડિયા વિરુધ્ધ ૩ ગુના, અનીશ ઓડિયા વિરુધ્ધ ૩ ગુના, અબ્દુલ દલ વિરુધ્ધ ૨ ગુના, શાહિદ ઓડિયા વિરુધ્ધ ૨ ગુના, મિત પરમાર વિરુધ્ધ ૩ ગુના અને મુખ્ય આરોપી અવેશ ઓડિયા વિરુધ્ધ ૮ ગુના નોંધાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે.

જેતલસર જંકશન પાસેથી લોકો લોબી છીનવાશે તો આગામી ૨૫મીથી આંદોલન

રાજકોટ:ચોવીસ કલાક ધમધમતા જેતલસર જંકશન રેલવેને ભાંગવાં રેલવે સુત્રોએ શરુ કરેલી હિલચાલથી રેલવે કર્મચારીઓમાં અને જાગૃત લોકોમાં ઉગ્ર ઉહાપોહ થયો છે. અત્યાર સુધીમાં અહીથી અન્યત્રા ખસેડાયેલી કે બંધ કરેલી સુવિધાઓ, સેવાઓ ફરી ૨૪ જાન્યુઆરી સુધીમાં કાર્યરત ન કરવામાં આવે તો જેતલસર જંકશન બચાવ સમિતિના આગેવાનોએ ૨૫મી જાન્યુઆરીથી રેલ રોકો આંદોલનની ચેતવણી આપી છે.

હજારો રેલવે કર્મચારીઓથી ધમધમતા જેતલસર જંકશનમાંથી સમયાંતરે રેલબાબુઓ એકપછી એક સેવાઓ ઝૂંટવી રહ્યા છે. આવી સેવાઓ ચાલુ રાખવા બાબતે અગાઉ અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે. અનેક પડતર માંગણીઓ લઈને વધુ એક વખત જેતપુરના મામલતદાર અને જેતલસર જંકશન તેમજ ભાવનગર રેલવેના સંબંધિત અધિકારીઓને બે દિવસથી આવેદનો આપવામાં આવે છે

પણ સંબંધીતોનું માંગણીઓ પરત્વે હકારાત્મક વલણ ન દેખાતું હોવાથી જંકશન બચાવો સમિતિએ આક્રમક વલણ અખત્યાર કર્યું છે. જેતલસર જંકશનનો વિકાસ રૂંધવા સતત થઈ રહેલા પ્રયાસોને હવે કોઈ કાળે સફળ થવા નહીં દેવાય, જરૂર પડ્યે રેલવેના પાટા પર ઉતરીને, રેલ વ્યવહાર થંભાવી દેવાની તૈયારી આરંભી દેવાઈ છે. અનેકવિધ પડતર માંગણીઓ સામે વ્યવહારુ અને યોગ્ય નિર્ણય લેવામાં રેલવે થાપ ખાશે તો ૨૫મી જાન્યુઆરીથી રેલરોકો, ઉપવાસ સહિતના આંદોલનાત્મક કાર્યક્રમો શરુ કરીને રેલવેબાબુઓની આંખ ઉઘાડવા મેદાને પડવાની ચીમકી અપાઈ છે.

પિતા સાથે વોકળામાં ડૂબી જતા ૬ વર્ષના માસૂમનું મોત

૩ દિવસથી ગુમ પિતા-પુત્રના કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળ્યા, પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પીએમ કરાવ્યું

રાજકોટ:રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખોખરી ગામે વોંકળામાંથી પિતા-પુત્રની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવતા પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં ગત ૧૬ તારીખના રોજ ખેતમજૂરી કરતા પરપ્રાંતીય શખ્સને દારૂ પીધા બાદ પત્ની સાથે બોલાચાલી થઈ હતી. બાદમાં પિતા-પુત્ર ગુમ થયાની જાણ પોલીસને કરવામાં આવી હતી. દરમિયાન ગઈકાલે મોડી રાત્રે કુવામાંથી બન્નેના મૃતદેહ મળી આવતા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં બાળક વોંકળામાં નાહવા પડ્યો હતો જેને બચાવવા જતા બન્ને ડૂબી જવાથી મોત નીપજ્યાનું સામે આવ્યું છે, પરંતુ આ બનાવમાં પિતા-પુત્રએ સાથે વોંકળામાં ઝંપલાવ્યું હતું કે અન્ય કોઈ કારણ છે તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે ફોરેન્સિક રિપોર્ટ બાદ ચોક્કસ કારણ સામે આવતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખોખરી ગામે વોંકળામાં ડૂબી જવાથી પિતા-પુત્રના મોત નીપજયા છે. ખોખરી ગામે અનિરુદ્ધસિંહ જાડેજાની વાડીમાં મધ્યપ્રદેશનો ડાવર પરિવાર ખેતમજૂરી કામ કરતો હતો. જેમાં રાજેશભાઈ જુવાનસીગ ડાવર (ઉ.વ.૨૭), પત્ની રેણુકા ડાવર અને પુત્ર અરુણ રાજેશભાઈ ડાવર (ઉ.વ.૬)નો સમાવેશ થાય છે. ગત તારીખ ૧૬ જાન્યુઆરીના રોજ પતિ રાજેશ દારૂ પીધેલી હાલતમાં પત્ની સાથે બોલાચાલી કરતો હતો અને બાદમાં ઘરેથી નિકળી ગયો હતો. જે અંગે પોલીસને જાણ પણ કરવામાં આવી હતી.આ દરમિયાન ગઈકાલે મોડી રાત્રે રાજેશ અને પુત્ર અરુણની લાશ ખોખરી ગામે વોંકળામાંથી મળી આવતા બન્નેના મૃતદેહને કોહવાયેલી હાલતમાં બહાર કાઢવામાં આવ્યા હતા. જે બાદ મૃતદેહની ઓળખ કરી પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે બન્નેના મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં બાળક વોંકળામાં નાહવા પડ્યો હતો. જેને બચાવવા જતા પિતા રાજેશે પણ વોંકળામાં ઝંપલાવ્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જેમાં ડૂબી જવાથી બન્ને પિતા-પુત્રના મોત નીપજયાનું સામે આવ્યું છે. જો કે, આ બનાવમાં પિતા-પુત્રએ સાથે વોંકળામાં ઝંપલાવ્યું હતું કે પછી અન્ય કોઈ કારણ છે તે દિશામાં પણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસની વર્દી પહેરી વૃદ્ધે જાહેરમાં દારૂ ઢીચી બફાટ કર્યો!

રાજકોટ:શહેરની ભાગોળે ગ્રીનલેન્ડ ચોકડી પાસે એક વૃદ્ધ પોલીસની વર્દી પહેરીને લથડિયા ખાતો હતો, તે નશો કરેલી હાલતમાં હતો, અને ત્યાંથી પસાર થતાં વાહનોને વિક્ષેપ કરતો હતો, પોતે પોલીસના સ્વાંગમાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવાનો ખેલ પણ કરતો હતો, આ નાટક ચાલું હતા તે વખતે જ તેણે દેશી દારૂની કોથળી કાઢી હતી અને તેમાંથી ફરીથી નશો કર્યો હતો, મહત્ત્વની બાબત એછેકે, આ વૃદ્ધ પોલીસ કર્મચારી કે નિવૃત્ત કર્મચારી પણ નહોતો છતાં તેને પોલીસની વર્દી પહેરી હતી, આ વૃદ્ધ પાસે પોલીસની વર્દી ક્યાંથી આવી તે તપાસનો મુદ્દો છે, કોઇ પોલીસ કર્મચારીએ વર્દી આપ્યાનો પણ તેણે બફાટ કર્યો હતો, વૃદ્ધનો વીડિયો ફરતો થતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

લકઝરી કાર સેલ્ફ ડ્રાઈવિંગમા ભાડે મેળવી છેતરપિંડી આચરતી ગેંગ ઝડપાઇ

સપ્તાહ સુધી રેગ્યુલર ૭૫૦૦ ભાડું આપી વિશ્વાસ કેળવતા બાદમાં વેચી દેતા, આણંદનો શખ્સ GPS કાઢી રાજ્ય બહાર વહેંચી દેતો

રાજકોટ:રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં કાર સેલ્ફ ડ્રાઇવમાં ભાડે આપ્યા બાદ આરોપીઓ દ્વારા કાર પરત ન આપી છેતરપિંડી આચરવાના કેસમાં ક્રાઇમ બ્રાન્ચે બે આરોપીની ધરપકડ કરી છે. પકડાયેલા બન્ને શખ્સો પૈકી એક શખ્સ રાજકોટમાંથી લકઝરી કાર ભાડે મેળવી એક સપ્તાહ સુધી રેગ્યુલર ભાડું આપી બાદમાં તે કાર આણંદના ગેરેજ સંચાલક શખ્સને વહેંચી દેતો હતો આ પછી તેમાંથી GPS હટાવી ગુજરાત બહારના રાજ્યમાં વહેંચી દેવામાં આવતી હતી. આરોપીઓ પાસેથી પોલીસે બે થાર ગાડી કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.રાજકોટના અલગ-અલગ વિસ્તારોમાં સેલ્ફ ડ્રાઈવિંગ કારના માલિકો પાસેથી ગાડી ભાડે લઈ ગયા બાદ આરોપીઓ ભાડું ચુકવતા ન હતા અને ગાડી પરત આપતા પણ ન હતા. જે અંગે માલવીયાનગર પોલીસ સ્ટેશન, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન અને તાલુકા પોલીસ સ્ટેશનમાં બીએનએસની કલમ ૩૧૬(૨) હેઠળ અલગ અલગ ત્રણ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.આ ગુનામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા અલગ અલગ ટિમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. તે દરમિયાન રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચની ટીમને આ કેસમાં બે આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આ કેસમાં બે આરોપીઓની અમદાવાદ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. જેમાં દર્પણ મનસુખલાલ મણવર (ઉ.વ.૪૦) તથા આમીર અસલમભાઈ વોરા (ઉ.વ.૩૨)નો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં આરોપી દર્પણ મણવર રાજકોટમાંથી અલગ અલગ કાર સેલ્ફ ડ્રાઇવમાં ભાડે મેળવતો હતો. જેમાં એક દિવસનું રૂ.૭૫૦૦ ભાડું એક સપ્તાહ સુધી નિયમિત ચૂકવતો પણ હતો.પછી અચાનક ભાડું ન આપી કાર આણંદના ગેરેજ સંચાલક આમીર વોરાને સસ્તા ભાવે વહેંચી દેતો હતો અને તે કારમાંથી GPS હટાવી બાદમાં આ કાર રાજ્ય બહાર વહેંચી દેતો હતો.

ઉલ્લેખનીય છે કે દર્પણ મોજશોખ પુરા કરવા માટે પૈસાની જરૂર હોઇ જેથી આ રીતે ભાડેથી કાર લઇ જતો હતો અને ઓછા ભાવે વેંચી જે રોકડ મળે તે વાપરી નાંખતો હતો. હાલ પોલીસે એઓપીઓ પાસેથી મહિન્દ્રા થાર જીજે.૦૩.પીજે.૯૪૨૩ કિંમત રૂ.૧૬,૨૦,૦૦૦ની અને મહિન્દ્રા થાર જીજે.૦૯.બીએ.૦૦૦૨ કિંમત રૂ.૪,૦૦,૦૦૦ની કબ્જે કરી વધુ કાર રિકવર કરવા રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

કરોડો રૂપિયાની સરકારી જમીન ખાનગી ઠેરવાનો ખેલ ઊંધો: નોંધ રદ કરવા હુકમ

રાજકોટ:રાજકોટ તાલુકાના સોખડા ગામે આવેલ રૂડા વિસ્તારની એનએ પોટેન્શિયલ વાળી કરોડો રૂપિયાની કિંમતી અને ૪૬ વર્ષથી સરકારના નામે ચાલતી ૫ એકર સરકારી જમીન વર્ષ ૨૦૧૮માં તત્કાલીન પ્રાંત અધિકારી રાજકોટ સિટી-૨ દ્વારા એક જ ઝાટકે મામલતદારની નોંધ રદ કરી દઈ ખાનગી નામે ચડાવી દેવા હુકમ કરતા વર્ષ ૨૦૨૨માં તત્કાલીન જિલ્લા કલેક્ટર દ્વારા આ નોંધ રિવિઝનમાં લીધી હતી. વર્ષ ૨૦૨૨નો આ કેસ ચલાવી જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશે મહત્ત્વનો ચુકાદો આપી પાંચ એકર જમીન ખાનગી ઠેરવતી નોંધ રદ કરવા હુકમ કર્યો હતો. સાથે જ આ હુકમમાં તત્કાલીન રાજકોટ સિટી પ્રાંત-૨એ મહેસૂલી કાયદાની ઉપરવટ જઈ સત્તાનો ગેરઉપયોગ કર્યાની ગંભીર નોંધ લીધી હતી.રાજકોટ શહેરની ભાગોળે આવેલ સોખડા ગામના રેવન્યુ સરવે નંબર ૬૨ની જમીન વર્ષ ૧૯૬૯માં સરકાર દાખલ કરવામાં આવી હતી જેમાં ૪૬ વર્ષ બાદ દાદભા કાળુભા ગઢવીના વારસદાર શક્તિદાન જસુદાન ગઢવી દ્વારા રાજકોટ સિટી પ્રાંત-૨ સમક્ષ અરજી કરી ગામ દફ્તરે પડેલી નોંધ નંબર ૧૦૮ તા.૧૮-૦૩-૧૯૭૧ સામે અપીલ અરજી દાખલ કરતા તત્કાલીન નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર-૨ દ્વારા પ્રોસિડિંગ ચલાવી તા.૩૧-૦૭-૨૦૧૮ના રોજ મામલતદાર રાજકોટ તાલુકાનો નિર્ણય રદ કરી શક્તિદાન જસુદાન ગઢવીની અપીલ મંજૂર કરી રેવન્યુ સરવે નંબર ૬૨ની ૫ એકર જમીન ખાનગી ઠેરવતો હુકમ કર્યો હતો.સરકારી જમીન નામે ચડાવી લેનાર ૧૦ મૂળ વારસદારે ૫ એકર સરકારી જમીન પૈકી ૨.૫ એકર જમીન વિક્રમ નરેન્દ્રસિંહ સોલંકી અને વિનોદરાય મણિલાલ ચંદારાણાને વેચી નાખી હોય ખરીદનારા પક્ષકાર તરીકે જોડાઈ તેઓ બોનાફાઈડ પરચેઝર હોવાની દલીલો કેસ દરમિયાન કરી હતી.

ઈકો કારમાંથી રૂા. ૩.૭૫ લાખના વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

રાજકોટ:કાળીપાટ ચોકડી પાસેથી ઈકો કારમાંથી રૂા. ૩.૭૫ લાખના વિદેશી દારૂ સાથે એક શખ્સને એલસીબી ઝોન-૧ની ટીમે પકડી પાડી કુલ રૂા. ૭.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ચોટીલાના શિવુભા નામના શખ્સે દારૂ સપ્લાય કર્યાનું ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે.પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી હેતલ પટેલ દ્વારા શહેરમાંથી દારૂ-જુગારની પ્રવૃત્તિને નેસ્તનાબુદ કરવાની આપેલ સુચનાથી એલસીબી ઝોન-૧ પીએસઆઇ એન.કે.મોવલીયા ટીમ સાથે પેટ્રોલીગમાં હતા.ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ હિતેષ પરમાર, કોન્સ્ટેબલ નિખીલ પીરોજીયા અને નિલેશ જમોડને ચોટીલા તરફથી દારૂ ભરેલી એક કાર રાજકોટ તરફ આવતી હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે ટીમે ભાવનગર રોડ પર કાળીપાટ ચોકડી પાસે વોચ ગોઠવી હતી.ત્યારે ત્યાંથી પસાર થયેલ ઈકો કાર નં. જીજે૩ જેઆર ૩૬૫૫ને અટકાવી તપાસ કરતા તેમાંથી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૨૧૨ બોટલ મળી આવતા ઈકો ચાલક સંજય રમેશ કાછડીયા (ઉ.વ.૪૦, રહે. આજી ડેમ, માનસરોવર સોસાયટી શેરી નં.૨)ની ધરપકડ કરી રૂા. ૩.૭૫ લાખનો દારૂ અને ઈકો કાર સહિત રૂા. ૭.૭૬ લાખનો મુદામાલ જપ્ત કરી પુછતાછ હાથ ધરી છે. વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું કે, પકડાયેલ શખ્સને ચોટીલા પંથકમાંથી શિવુભા નામના શખ્સે દારૂ ભરી આપ્યો હતો અને શાપર પહોંચી શિવુભા જણાવે ત્યાં દારૂ સપ્લાય કરવાનો હતો. જેથી હવે પોલીસે શિવુભા નામના શખ્સની શોધખોળ હાથ ધરી છે.

નવાગામમાંથી ગાંજાના મોટા જથ્થા સાથે ઋષભ અમદાવાદી ઝડપાયો

રાજકોટ:શહેરમાં યુવાધન માદક દ્રવ્યોના રવાડે ન ચડે અને નારકોટીક્સ પદાર્થોનું વેંચાણ, હેરાફેરી ન થાય તે માટે 'સે નો ટુ ડ્રગ્સ'ની ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે નવાગામના શખ્સને તેના ઘર નજીક શક્તિ સોસાયટીના ખુણેથી દોઢ કિલો ગાંજા સાથે ઝડપી લીધો હતો.તે શખ્સ ચોટીલા તરફથી ગાંજો લાવી વેંચવા માટે ગ્રાહક શોધતો હતો. દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વિ. વી.ધ્રાંગુ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા, કોન્સ. હાર્દિકસિંહ પરમારને બાતમી મળતાં નવાગામ શક્તિ સોસાયટી-૧૦ના ખુણે વોચ રાખી અહિ છપ્પનીયા પરામાં રહેતાં રૂષભ ઉર્ફે રાહુલ મુકેશ અમદાવાદી (ઉ.વ.૩૪)ને શંકાસ્પદ પદાર્થ સાથે પકડી લીધો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયા પાસે પરિક્ષણ કરાવતાં આ પદાર્થ ગાંજો હોવાનું સ્પષ્ટ થતાં રૂષભ સામે બી-ડિવીઝન પોલીસમાં એનડીપીએસનો ગુનો દાખલ કરાવી તેની અટકાયત કરી હતી.પોલીસે ગાંજો, મોબાઈલ ફોન, રોકડ કબ્જે કર્યા હતાં. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ગાંજા સાથે ઝડપાયેલો રૂષભ ઉર્ફ રાહુલ અગાઉ એ-ડિવીઝન, કુવાડવા રોડ પોલીસ, પ્ર.નગર, ટંકામાં અલગ અલગ પાંચ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડયો હતો. હાલ તે છુટક મજૂરી કરે છે. પૈસાની ખેંચ હોઈ કમાણી કરવા માટે ચોટીલા તરફના શખ્સ પાસેથી આ ગાંજો લાવ્યાનું તેણે રટણ કર્યું હતું. જો કે ખરેખર ગાંજો ક્યાંથી લાવ્યો? તેની તપાસ થઈ રહી છે.

ગૌશાળા અને મંદિરના નામે ૩ કરોડની ઠગાઈમાં મહંત સહિત ૫ આરોપીના ૨ દિવસના રિમાન્ડ

સુરેન્દ્રનગર: થાનગઢના અમરાપર ગૌશાળા અને મંદરિના નામે ૩.૦૯ કરોડની છેતરપિંડી કરનાર મહંત સહિત પાંચ આરોપીને ચોટીલા કોર્ટમાં રજૂ કરતા બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ મામલે મહંત સહિત પાંચ સામે ફરિયાદ નોંધાઇ હતી. થાનગઢના અમરાપર ગામમાં આવેલી કૃષ્ણ ગૌશાળાના લાભાર્થે તેમ જ મંદિરના લાભાર્થે ટિકિટનું વેચાણ કરી અને ગેરકાયદેસર અને અનઅધિકૃત રીતે ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ આયોજકો દ્વારા ટિકિટનું વેચાણ કર્યા બાદ ડ્રો નું આયોજન કરવામાં આવવાનું હતું પરંતુ આયોજન દ્વારા કોઈ પણ પ્રકારનો ડ્રો યોજ્યો જ નહીં ડ્રોમાં ૫૫૫ ઈનામોની જાહેરાત કરવામાં આવી હતી અને

પ્રત્યેક ટિકિટની કિંમત ૫૦૦ રૂપિયા રાખવામાં આવી હતી. આ ટિકિટોનું વેચાણ કરવામાં આવ્યું હતું અને ૩ કરોડ અને ૯૦ લાખ રૂપિયાની છેતરપિંડી કર્યા હોવાનું સામે આવ્યું હતું આ અંગે ૦૭ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો જેમાં મંદિરના મહંત સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો

આ મુદ્દે ડ્રોના નામે છેતરપિંડી કરનાર અને ગૌશાળા અને મંદિરના નામે છેતરપિંડી કરનારા પાંચ જેટલા ઇસમોને પોલીસે ઝડપી લીધા હતા અને કોર્ટમાં હાજર કરવામાં આવતા પાંચ આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં રામદાસ બાપુ લગધીર કારેલીયા સુરેશ ઝરવરીયા મેરા ડાભી અને નરેશ સોલંકી નામના ઇસમોની અટકાયત કરવામાં આવી છે આ તમામ લોકો દ્વારા મંદિર અને ગૌશાળા ના નામે છેતરપિંડી કરી અને ૩ કરોડ અને ૯૦ લાખ રૂપિયાની ઉચાપત કરવામાં આવી છે. હજુ પણ રમેશ જેજરીયા અને હીરા ગામભાડિયા પોલીસ પકડથી દૂર છે ત્યારે તેની પણ શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પત્ની રિસામણે જતા પતિ વિફર્યો: સસરાને ફટકારી સાસુના વાળ પકડી રોડ પર દોડાવ્યા!

રાજકોટ:ધોરાજીમાં પતિ અને તેના મામાના દીકરા ભાઈએ સસરાની રીક્ષા સાથે બાઈક અથડાવી લોખંડના પાઈપ વડે મારમાર્યો હતો.તેમજ બચાવ કરવા સાસુ વચ્ચે પડતા તેને પણ બન્નેએ ગાળો ભાંડી ફડાકા મારી વાળ પકડી રોડ પર દોડાવતા પરિણીતાએ ફરિયાદ નોંધાવી હતી.બનાવ અંગે ધોરાજીમાં ચિશ્તીયા કોલોની, મકાન નંબર ૧૧૧, રેલ્વે સ્ટેશન પાસે રહેતી પરિણીતા મુસ્કાન પાલા (ઉં વર્ષ ૨૦) એ ધોરાજી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ શરીફ હનીફભાઈ પાલા અને તેના મામાનો દીકરો કાદર જબારભાઈ ઉનાવાલાનું નામ આપી જણાવ્યું હતું કે, તેના લગ્ન ગઈ તા.૨૦/૦૪/૨૦૨૫ ના ધોરાજીના શરીફ હનીફભાઈ પાલા સાથે થયા હતા.લગ્ન બાદ સંસાર એકાદ મહિના સારી રીતે ચાલ્યા બાદ પતિ નજીવી બાબતે ઝઘડો કરી માર મારતો હતો. ઘર ખર્ચ પણ આપતો ન હતો. અંતે કંટાળીને પરિણીતાએ પિતા અનવરભાઈ મોતીવાલા (રહે રબ્બાની કોલોનીવાળા)ને જણાવતા પિતા સસરાના ઘરેથી ગઈકાલે સાંજે દીકરીને તેડવા આવ્યા હતાં. ત્યારે પતિએ સસરાને ગાળો ભાંડી સસરાની રીક્ષામાં પથ્થર મારી તોડફોડ કરી હતી. આ બનાવ બાદ પરિણીતા પિતાની સાથે માવતરે જતા હતા ત્યારે પરિણીતાની માતા રૂબીનાબેન ત્રણ દરવાજા પાસે હતા ત્યાં ગયા, જ્યાં પરિણીતાને ભાઈ સલીમ પોતાની ફૂટની લારી બંધ કરીને ચુનારાવાડ મૂકવા ગયો એટલામાં પતિ અને તેના મામાનો દીકરો કાદર ઉનાવાલા બાઈક પર આવી સસરાની રીક્ષામાં વાહન અથડાવી કાદરે પરિણીતાના પિતાના માથા, હાથ પગ અને છાતીના ભાગે લોખંડનો પાઈપ માર્યો હતો.વચ્ચે પડતા શરીફે સાસુને ફડાકા માર્યા હતા એટલું જ નહીં સાસુને મારમારી વાળ પકડી રોડ પર દોડાવ્યા હતા અને ગાળો ભાંડી હતી.લોકોનું ટોળું ભેગું થઈ જતા બન્ને નાશી ગયા હતા. બનાવ અંગે પરિણીતાની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.